**ડાયરેક્ટ ❤ સે**

જે માણસની અંદર
સમાઈ જાય
એ સ્વાભિમાન
અને
જે માણસની બહાર
છલકે
એ અભિમાન

## જન્મદિને વધામણી



**વ્યોમ અમીન**
સ્થાપક, સ્કાય ગૃપ, ગાંધીનગર
મો. ૭૬૦૦૬ ૭૭૭૦૦



**નીતિકાબેન શાહ**
પૂર્વ પ્રમુખ
લાયોનેસ - સંગિની



**શ્રવણકુમાર પરમાર**
ગાયક કલાકાર
મો. ૯૪૨૭૩ ૧૮૦૭૩



**ખ્વાઈશ**
**કલ્પેશકુમાર સાગર**
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦



**રૂદ્ર આશિષ બારોટ**
મો. ૯૭૨૩૦ ૦૦૦૧૫

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની કલ્ચરલ બ્રાન્ડ

# ‘યાહૂ’નો ધમાકેદાર પ્રારંભ કરાયો







ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની ‘કલ્ચરલ બ્રાન્ડ’નું બિરુદ જેણે મેળવ્યું છે એવા વિદ્યાર્થી ટેલેન્ટ શો ‘યાહૂ’નો આરંભ અનન્ય ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં મંગળવારે કરવામાં આવ્યો હતો.

સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩માં સ્થિત શેઠ શ્રી ખીમજી વિશરામ હૉલ ખાતે આયોજિત આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન વેળા કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર પ્રૉ. ડૉ. ડી ટી કાપડિયા અને બી પી કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનના પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટિ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ડી ટી કાપડિયાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતાં જણાવ્યું હતું કે, શિક્ષણથી માંડીને સ્પૉર્ટ્સ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી માંડીને સેવાકીય પ્રવૃત્તિઓ સુધીની અનેકવિધ પ્રવૃત્તિઓ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા માત્ર ને માત્ર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુસર હાથ ધરવામાં આવે છે. આ હેતુસર ન માત્ર વિદ્યાર્થીઓની પરંતુ અધ્યાપકોની સજ્જતા માટે પણ વિશ્વવિદ્યાલય પ્રતિબદ્ધ છે એમ તેમણે જણાવ્યું હતું.

ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને થનગનતા અશ્વો સાથે સરખાવી તેમને સાચી દિશામાં દોડવાની સલાહ આપી હતી અને ઉત્સાહની સાથે શિસ્તનું પણ સુપેરે પાલન કરવાની શીખ આપી હતી.

કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ સ્વાગત પ્રવચન અને ડૉ. રણછોડ રથવીએ આભાર દર્શન કર્યું હતું. એ પછી વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ધમાકેદાર પ્રારંભ થયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા રેટ્રો ડાન્સ, ગૃપ ડાન્સ, માઈથોલોજીકલ થીમ, યુનીક ઈવેન્ટ અને સ્કીટની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. યાહૂના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીનીઓની સંખ્યા મોટાભાગની કૃતિઓમાં વધારે જોવા મળી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે આ ઈવેન્ટની સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત સ્ટેજ કૃતિ પ્રત્યે આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

# આર જી - એસ જી સ્કૂલ ખાતે ગીતા વિષયે પ્રવચન

ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ ખાતે ગીતા જયંતિ નિમિત્તે એક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિરમા કૉલેજનાં નીતિશાસ્ત્રનાં અધ્યપક પ્રૉ. છવિ દ્વારા ગીતા વિષયે પ્રવચન આપતાં જણાવવામાં આવ્યું હતું કે ગીતા એ માત્ર હિન્દુ ધર્મનું પુસ્તક નહિ, પરંતુ બધા જ ધર્મોનો આધારગ્રંથ છે. શ્રેષ્ઠ જીવન જીવવાનાં મૂલ્યો ગીતામાં છે. તેમણે વિદ્યાર્થીનીઓને અર્જુનની જેમ વિષાદ છોડી વીરતા દાખવીને અધર્મ પર વિજય પ્રાપ્ત કરી જીવનને સફળ બનાવવાની સલાહ આપી હતી. ગાંધીજી જેવા મહાપુરુષે પણ ગીતાજીનું અધ્યયન કરતા, તેના થકી થોડી શક્તિ પ્રાપ્ત કરી, પ્રેરણા મેળવી, અંગ્રેજો સામે ઝઝૂમી દેશને આઝાદી તેમણે પ્રાપ્ત કરાવી હતી.

આત્મા અજર, અમર છે એવો ભાવ વ્યક્ત કરતા ગીતાના શ્લોક ‘નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી....’નું વારંવાર ગાન કરાવી તેમણે વિદ્યાર્થીઓને આ શ્લોક મોઢે કરાવી દીધો હતો. ગીતા ઉપરની એક વિડીયો ફિલ્મ પછી વિદ્યાર્થીનીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા. ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં હંસાબેને સ્વાધ્યાયની અને આચાર્ય સુધાબેને પ્રાર્થના દરમિયાન નિત્ય ગીતાના એક શ્લોકના ગાનની શાળા પરિવાર વતી ખાતરી આપી હતી.

## ઈન્ડસ યુનિ.નો બીજો પદવીદાન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ઈન્ડસ યુનિવર્સિટીમાં આજે બીજો વાર્ષિક પદવીદાન સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ સમારંભમાં કેડિલાના ચેરમેન પંકજ પટેલે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને દિક્ષાંત પ્રવચન આપ્યુ હતુ. તેઓએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યુ કે તમે યુવાઓ ભારતનું ભવિષ્ય છો, બી બોલ્ડ, બી બ્રેવ, બી ઈનોવેટીવ એન્ડ એરિજીનલ. તેમણે કહ્યુ કે આજના વૈશ્વિકરણના યુગમાં જ્ઞાનનો વ્યાપ વધારીને વ્યવસાયિક અભિગમ કેળવીને તમે ભારતને વિશ્વમાં મોખરાના સ્થાને પહોંચાડીને રાષ્ટ્રનું ગૌરવ વધારી શકો છે. આ દિક્ષાંત પ્રવચનમાં અંડર ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ્સના ૭૩૯ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિવિધ વિદ્યાશાખામાં શ્રેષ્ઠ દેખાવ કરનારા ૪૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

## જીતો મેટ્રોમોનિઅલમાં ડિજિટલ બાયોડેટાની આપ-લે કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન-જીતો અમદાવાદ ચેપ્ટર દ્વારા સમસ્ત જૈન સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે ‘જીતો મેટ્રોમોનિઅલ-૨૦૧૮’નું આયોજન કરવામાં આવ્યું છે. જોકે, આ વર્ષે લગ્નોત્સુકોનો મેળાવડો નહીં થાય, તેને બદલે ડિજિટલ બાયોડેટા અને બાયોડેટા બુકનું વિતરણ કરાશે. માતા-પિતા માટે સંતાનોના લગ્ન માટે યોગ્ય જીવનસાથીની પસંદગી કરવી એ ખૂબ જ મૂંઝવતો પ્રશ્ન થઈ ગયો છે. આ સામાજિક સમસ્યાને ધ્યાનમાં રાખીને જીતો-અમદાવાદ ચેપ્ટર દ્વારા સમસ્ત જૈન સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે એક સ્વ-પરિચય આપતો વિડીયો શૂટ કરીને તેની ડીવીડી બનાવી તથા પ્રત્યેકના બાયોડેટા બુક બનાવી લગ્નોત્સુક યુવક-યુવતીઓને આપવામાં આવશે અને આ વર્ષે મેળાવડો નહીં યોજાય.

# જીએપીએસ દ્વારા ઉત્સાહપૂર્ણ બે પ્રવાસ





ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ કાંકરિયા તથા બાલાસિનોરની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. અનુક્રમે ધો. ૧થી ૪ અને ધો. ૫થી ૧૨ના વિદ્યાર્થીઓ આ મુલાકાતમાં જોડાયા હતા.

કાંકરિયા ખાતો વિવિધ રાઈડ્‌સના માધ્યમથી બાળકોએ ભરપૂર આનંદ માણ્યો હતો. તો મોટા ધોરણના વિદ્યાર્થીઓએ બાલાસિનોર ઉપરાંત ઝાંઝરી અને ડાયનાસોર પાર્કની મુલાકાત પણ લીધી હતી. ઝાંઝરીમાં ધોધ જોઈને ઉત્સાહી વિદ્યાર્થીઓએ ઠંડીની પરવા કર્યા વિના તેના પાણીમાં સ્નાન કર્યું હતું. ડાયનાસોર પાર્કના સ્થળે મ્યુઝિયમનું કાર્ય ચાલુ છે, પરંતુ વિદ્યાર્થીઓને ડાયનાસોરના ઈંડાં જોવા મળ્યાં હતાં અને ડાયનાસોર વિશે ઘણી માહિતી પણ પ્રાપ્ત થઈ હતી. એ પછી વિદ્યાર્થીઓએ ટ્રેકિંગની મજા પણ માણી હતી અને કેદારેશ્વર મહાદેવનાં દર્શન પણ કર્યાં હતાં. બંને પ્રવાસ વિદ્યાર્થીઓ માટે આનંદ અને માહિતી એમ બેવડો લાભ આપનારા સાબિત થયા હતા.

# વ્યક્તિનું પોતીકું નામ, પોતાના સંબંધો : ગૌરવ અને ગરિમા

(ગતાંકથી ચાલુ)

મારા કોલેજના અભ્યાસકાળ દરમિયાન મારો એક સહાધ્યાયી હતો જેનું નામ પોતાના કુળની ગરિમા જળવાય એવું રાખવામાં આવ્યું હતું. તેનું નામ હતું રાજેન્દ્રસિંહ. (નામ બદલ્યું છે પણ ‘સિંહ’ એમ જ રાખ્યું છે) કોલેજ અભ્યાસની શરૂઆત દરમિયાન તેને હું ભુપેન્દ્રસિંહના નામથી જ બોલાવતો. ધીમે ધીમે વધારે ઓળખાણ થઈ, અમે બંને વધારે નજદીક આવ્યા એટલે એક દિવસ મેં તેને ‘ભુપેન્દ્ર’ જેવા લડલા નામથી બોલાવ્યો. પોતાને કોઈ માત્ર ‘ભુપેન્દ્ર’ જેવા નામથી બોલાવે એ સાંભળીને તેના ચહેરાના ભાવ બદલાઈ ગયા, તેના ભવાં ખેંચાયા અને બીજી જ ક્ષણે તેણે પ્રતિભાવ આપતા કહ્યું કે “મારૂ નામ ભુપેન્દ્રસિંહ છે, ભુપેન્દ્ર નથી. મારી સાથે સંબંધો રાખવા હોય તો ભુપેન્દ્રસિંહના નામથી જ બોલાવવો. નહિતર નહીં” એ વ્યક્તિને કદાચ પોતાના નામના ગૌરવ કરતાં વધારે ગુમાન હતું. ગૌરવ અને ગુમાનની વચ્ચે બહુ પાતળી ભેદરેખા હોય છે.

પોતાનું નામ કોઈ ખોટી રીતે બોલે કે ખોટી રીતે લખે કે ખોટી રીતે ઉચ્ચારે એ વ્યક્તિને ગમતું નથી. પોતાના નામનું ખોટું ઉચ્ચારણ વ્યક્તિના દીલને ચોટ પહોંચાડે છે અને પોતાનું ગૌરવ હણાયું હોય એવી લાગણી થતી હોય છે.

વ્યક્તિ પોતાના નામનું ગૌરવ પણ વિવિધ સ્વરૂપે અભિવ્યક્ત કરતી હોય છે. કોઈ હંમેશા પોતાનું પૂરું નામ જ લખીને કે બોલીને પોતા નામનું ગૌરવ અભિવ્યક્ત કરતી હોય છે. એ લોકોને પોતાની ઓળખ પુછવામાં આવે તો પોતાના નામની સાથે પિતાનું નામ કે પતિનું નામ અચૂકપણે બોલતા હોય છે. કેટલીક વ્યક્તિઓ પોતાના નામની સાથે પોતાની માતાનું નામ જોડીને ગૌરવ વ્યક્ત કરતી હોય છે. આપણાં દેશમાં એવી અનેક વ્યાપારી પેઢીઓ છે જેનું નામ બે કે ત્રણ પેઢીઓ સાથેનું હોય છે જેમ કે ‘હરિદાસ ભીમજી પ્રાગજી એન્ડ સન્સ’. પોતાની સહીમાં પોતાનું નામ સ્પષ્ટ રીતે લખીને પણ વ્યકિત પોતાના ગમતા નામની લાગણી વ્યક્ત કરતી હોય છે.

આપણે જ્યારે કોઈપણ વ્યક્તિ સાથે વાતચીત કરીએ છીએ ત્યારે તે વ્યક્તિના નામનું સંબોધન કરીને તેના નામ સાથે તેની સાથે વાત કરીએ છીએ ત્યારે વ્યક્તિને ગમે છે, એ વ્યક્તિને એવી લાગણી થાય છે કે આપણે એમની ખૂબ જ નજદીક છીએ છીએ અને આપણે તેની અંગત કાળજી રાખીએ છીએ.

દરેક નામનો એક અર્થ હોય છે. આપણે જ્યારે વ્યક્તિના નામનો અર્થ જાણીએ છીએ, અર્થ જાણીને વ્યકિતને એવું કહીએ છીએ કે “આપનું નામ ખૂબ જ સુંદર છે અને નામનો અર્થ તો નામથી પણ વધારે સુંદર છે” ત્યારે વ્યક્તિને ખૂબ જ આનંદની લાગણી થાય છે અને તે ગૌરવન્વિત બને છે . એ સમયે એ વ્યક્તિ આપણી અંગત બની જતી હોય છે.

વ્યક્તિ પોતે એનું જ ગૌરવ લઈ શકે જે પોતીકું હોય. ઉછીની લીધેલી કોઈ પણ વસ્તુનું ગૌરવ ના લઈ શકાય. વ્યક્તિનું નામ પોતીકું હોય છે એટલે વ્યક્તિ તેનું ગૌરવ લે છે.

વ્યક્તિને જે રીતે પોતાનું નામ પસંદ કરી શકતી નથી એવી જ રીતે પોતાના કેટલાક સામાજિક સંબંધો અને સંબંધીઓને પણ પસંદ કરી




શકતી નથી કારણ કે કેટલાક સંબંધો અને સંબંધીઓ પણ જન્મજાત ભેટ મળતા હોય છે. દરેક વ્યકિતને પોતાનું નામ હોય છે એવી રીતે વ્યક્તિના દરેક સંબંધને પણ એક નામ હોય છે. બાપ-દીકરો-દીકરી, માં-દીકરી-દીકરો, પતિ-પત્ની, પ્રિયતમ-પ્રિયતમાં, ભાઈ-બેન, કાકા-કાકી -ભત્રીજા, મામા-મામી-ભાણેજ, બનેવી-સાળા-સાળી, સાસુ-સસરા-પુત્રવધૂ, સાસુ-સસરા-જમાઈ, દિયર-નણંદ-ભોજાઈ, મિત્ર-મિત્ર, સખા-સખી અને ગુરુ-શિષ્ય જેવા સંબંધોના નામનું પણ એક ગૌરવ હોય છે. નામ વિનાના સંબંધોનો કોઈ જ અર્થ નથી હોતો કારણ કે નામ સાથેના સંબંધોની જ એક ગરિમા હોય છે. નામ સાથેના દરેક સંબંધોની એક વિશિષ્ટ અને આગવી આચારસંહિતા હોય છે અને સંબંધના નામના આધારે જ એ સંબંધમાં વાણી, વ્યવહાર અને વર્તન થતાં હોય છે.

ફિલ્મી અભિનેતા દિલિપકુમાર અને જીતેન્દ્રની જેમ વ્યક્તિ કદાચ પોતાનું નામ તો બદલી શકે પણ વ્યકિત ઈચ્છે તો પણ પોતાના સંબંધોના નામ બદલી શકતી નથી. પોતાના જન્મજાત સંબંધો વ્યક્તિને પસંદ હોય કે ના હોય તેને મને-કમને, ગમા-અણગમા સાથે નિભાવવા જ પડે છે.

જે રીતે વ્યક્તિ પોતાના નામને પોતીકું બનાવી લે છે, જે રીતે વ્યક્તિ પોતાના નામનું જતન કરે છે, જે રીતે વ્યકિત પોતાના નામની ગરિમા જાળવે છે, જે રીતે વ્યક્તિ પોતાના નામને ઉજાળવા માટે સતત પરિશ્રમ અને પુરુષાર્થ કરે છે એ જ રીતે વ્યક્તિ પોતાના સંબંધોના નામનું ગૌરવ અને ગરિમા જાળવવા માટે સતત પ્રયત્નશીલ રહેતી હોય છે.

વ્યક્તિ પોતાનું નામ અને પોતાના સંબંધો- જેનું કઈ પણ નામ હોય, વ્યકિતને જીવવા માટે એક ઉર્જા પૂરી પડે છે, જીવનને ચેતનવંતુ બનાવે છે.

આપણે સૌ પોતિકા નામનું અને પોતિકા સંબંધોના નામનું ગૌરવ જાળવી અને ચેતનવંતુ, ગૌરવન્વિત શાનદાર જીવન જીવીએ.



## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૩**
સ્ટારવૉર્સ (૩ડી, અંગ્રેજી)
૨.૦૦, ૯.૪૫
સ્ટારવૉર્સ (૩ડી, હિન્દી)
૪.૪૫
ફર્ડીનેન્ડ (૩ડી, અંગ્રેજી)
૭.૩૦

**સ્ક્રીન-૪**
લવની ભવાઈ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
ફુકરે રિટર્ન્સ
૧૦.,, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦